(૫૦)

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૪)**

૧. નિગ્ગંથે **ફાસુય એસણિજ્જેણં અસણં પાણં ખાઈમં** સાઈમં

૨. મંડી પાહુડિયાએ **બલિ પહુડિયાએ ઠવણા પાહુડિયાએ સંકિએ** સહસાગારે

૩. ઈત્થં **ઠિઆ જીવા સિજ્ઝંતિ બુજ્ઝંતિ** મુચ્ચંતિ

૪. ખામેમિ **સવ્વે જીવા સવ્વે જીવા વિ** ખમંતુ મે

૫. હીણક્ખરં **અચ્ચક્ખરં પયહીણં વિણયહીણં જોગહીણં** ઘોસહીણં

૬. તુબ્ભેહિં **અબ્ભણુણ્ણાએ સમાણે દેવસિયં પડિક્કમણં** ઠાએમિ

૭. દેવસિયાએ **આસાયણાએ તિત્તીસન્નયરાએ જં કિંચિ મિચ્છાએ** મણ દુક્કડાએ

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. આઈગરાણં | **ધર્મની આદિના કરનારા** | ૨. ચિંતવનાર્થે | **ચિંતન કરવાને માટે** |
| ૩. વઈક્કંતો | **વ્યતીત થયો છે** | ૪. આકુટ્ટી | **જાણીજોઈને ઈરાદાપૂર્વક** |
| ૫. સૂપ વિહિં | **કઠોળની જાત, માપની મર્યાદા** | ૬. નિગ્ગંથે | **નિર્ગ્રંથને** |
| ૭. સઈઅંતરદ્ધાએ | **સંદેહ પડ્યા છતા આગળ વધાયું હોય.** | | |

**(ગ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૮)**

| | મૂળપાઠ |
|---|---|
| ૧. શ્રમણોપાસક – શ્રાવકને | **સમણોવાસએણં** |
| ૨. મર્યાદા બહારથી વસ્તુ મંગાવી હોય | **આણવણપ્પઓગે** |
| ૩. ખિસ્સા કાતરી | **ગાંઠડી છોડી** |
| ૪. અર્થ વિના દંડાય છે | **અણત્થા દંડે** |
| ૫. સમકિતની શ્રદ્ધા | **સમ્મત્ત સદ્દહણા** |
| ૬. પાર ઉતાર્યું ન હોય | **ન તીરિયં** |
| ૭. નહિ આચરવા યોગ્ય | **અણાયારો** |
| ૮. વચન દ્વારા મૌન રહીને | **મોણેણં** |

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૬)**

૧. સમકિત એટલે શું? તેના અતિચાર કેટલા?

**જ. સુદેવ, સુગુરુ અને તેમના દ્વારા પ્રરૂપિત નવ તત્ત્વ આદિ સુધર્મ પ્રત્યે યથાર્થ શ્રદ્ધા કરવી. ૫, સંકા, કંખા, વિતિગિચ્છા, પરપાસંડ પસંસા, પરપાસંડ સંથવો.**

૨. પ્રથમ અણુવ્રત શેના વિષેનું છે? તે કેટલા સમયનું છે?

**જ. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય આદિ ત્રસ જીવોની હિંસાથી નિવર્તવાનું છે. જાવજ્જીવનું.**

૩. તીર્થંકરને કેટલા અને કયા દાન ન અપાય?

**જ. ૪, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ.**

૪. અચૌર્ય વ્રતના પાલનથી કયા ગુણો પ્રાપ્ત થાય છે?

**જ. લોકોને વિશ્વાસપાત્ર થાય, સ્નેહીજન પ્રેમાળ મળે, યશકીર્તિ મળે, નિર્ભયતા આદિ ગુણો મળે.**

૫. કયા કાર્યો કરવાથી આત્માને અનર્થદંડનું પાપ લાગે છે?

**જ. વિકથા કરવી, ખરાબ ખોટો ઉપદેશ આપવો, પાણીના નળ ખુલ્લા મૂકવા, જરૂર વિના વસ્તુની ખરીદી કરવી વગેરે.**

૬. સાતમા વ્રતની કોટિ કેટલી? તેમાં ભોજન અને કર્માદાન સંબંધી કેટલા અતિચાર? તેમાં કેટલા બોલની

મર્યાદા કરવામાં આવે છે? માત્ર સંખ્યા લખો.

**જ. ૩, ભોજન સંબંધી ૫, કર્માદાન સંબંધી ૧૫, ૨૬.**

૭. પૌષધ વ્રત એટલે શું? તે કેટલામું શિક્ષાવ્રત છે? એક અહોરાત્રિ એટલે કેટલો સમય?

**જ. જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે આત્માને પોષણ આપવું તે. ત્રીજું. ૧ દિવસ અને ૧ રાત–૨૪ કલાક–૮ પ્રહર.**

૮. કરણ અને કોટિ વગરનું વ્રત કયું? ત્રણ કોટિ હોય એવા વ્રત કેટલા અને કયા કયા?

**જ. બારમું. ૩, અપરિગ્રહ અણુવ્રત, ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત, દેશાવગાસિક વ્રત (ઉવભોગ–પરિભોગ સંબધી).**

**(ચ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં કેટલા અને કયા કયા આલંબન છે? અર્થ સાથે લખો. (૨)

**જ. ૪, વાયણા – વાંચવું, પુચ્છણા – પૂછવું, પરિયટ્ટણા – શીખેલું સંભાળવું, ધમ્મકહા – ધર્મકથા કરવી.**

૨. ધર્મધ્યાનનો બીજો ભેદ લખો. (૨)

**જ. અવાય વિજયે કહેતા જીવ સંસારમાં દુઃખ શા માટે ભોગવે છે? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, ૧૮ પાપસ્થાનક અને છકાય જીવની હિંસા, એથી કરીને જીવ દુઃખ પામે છે, માટે એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવમાર્ગ ત્યાગી સંવરમાર્ગ આદરવો જેથી જીવ દુઃખ ન પામે.**

૩. અધોલોકમાં નરકાવાસ અને ભવનપતિના ભવનની સંખ્યા લખો. (૧)

**જ. ૮૪ લાખ નરકાવાસ. ૭ કરોડ ૭૨ લાખ ભવનપતિના ભવન.**

〔૩૦〕

**પ્ર.૨ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. દંડક એટલે શું? તે કેટલા છે? સ્થાવરના દંડક કયા?

**જ. જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મનો દંડ ભોગવે. ૨૪. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય.**

૨. પુણ્યના ભેદ કેટલા છે ?૫ થી ૮ ભેદ કયા છે?

**જ. ૯, વત્થ પુન્ને, મન પુન્ને, વચન પુન્ને, કાય પુન્ને.**

૩. વ્યાખ્યા લખો. – સમવાય –**જેના સમન્વયથી કાર્ય થાય.**

પ્રાણ – **જેના સંયોગે સંસારી જીવોને શ્રોત આદિ ક્રિયા થાય છે. જીવનશક્તિ. જેના વડે જીવ જીવે છે.**

૪. ચાર બોલ આવતા હોય તેવા બોલના નામ લખો.

**જ. પહેલે બોલે ગતિ ચાર, ઓગણીસમે બોલે ધ્યાન ચાર, ચોવીસમે બોલે પ્રમાણ ચાર, સત્તાવીશમે બોલે નિક્ષેપા ચાર, એકત્રીસમે બોલે અનુયોગ ચાર.**

૫. શ્રાવકના પહેલા ચાર ગુણ લખો.

**જ. અક્ષુદ્ર, યશવંત, સૌમ્ય પ્રકૃતિવાળો, લોકપ્રિય.**

૬. શ્રોત્રેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયના વિષય લખો.

**જ. શ્રોત્રેન્દ્રિય – ૩, જીવ શબ્દ, અજીવ શબ્દ, મિશ્ર શબ્દ અને ઘ્રાણેન્દ્રિય – ૨, સુરભિ ગંધ, દુરભિ ગંધ.**

૭. પુદ્ગલાસ્તિકાયના ભેદ લખો.

**જ. પુદ્ગલના સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ, પરમાણુ અથવા દ્રવ્યથી અનંત, ક્ષેત્રથી લોક પ્રમાણે, કાળથી અનાદિ અનંત, ભાવથી રૂપી, ગુણથી ગળે અને મળે, સડન–પડન–વિધ્વંસન.**

૮. ત્રીજે, સત્તરમે, ચોવીસમે અને ત્રીસમે બોલે શું આવે? માત્ર બોલનું નામ લખો.

**જ. કાય છ, લેશ્યા છ, પ્રમાણ ચાર, ભાવના બાર.**

**(ખ) જોડકા જોડો. (૪)**

| (અ) | (બ) | જવાબ |
| --- | --- | --- |
| ૧. આહારક | ૧. સ્પર્શનેન્દ્રિય | **૪. શરીર** |

| | | |
|---|---|---|
| ૨. ૫ | ૨. નિર્જરા | **૫. ચારિત્ર** |
| ૩. હલકો | ૩. યોગ | **૧. સ્પર્શનેન્દ્રિય** |
| ૪. મિશ્ર | ૪. શરીર | **૩. યોગ** |
| ૫. વૃત્તિસંક્ષેપ | ૫. ચારિત્ર | **૨. નિર્જરા** |
| ૬. સ્થાપના | ૬. રસ | **૮. નિક્ષેપા** |
| ૭. અદ્ભૂત | ૭. સમકિત | **૬. રસ** |
| ૮. વેદક | ૮. નિક્ષેપા | **૭. સમકિત** |

**(ગ) સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. ફટાકડા ફોડવાથી કેટલા કર્મ બંધાય? તેમાંથી જ્ઞાનાવરણીય, મોહનીય અને નીચ ગોત્ર કેવી રીતે બંધાય?

**જ. ૮ કર્મ. જ્ઞાનાવરણીય – અક્ષર બાળવાથી, મોહનીય – આનંદ માણવાથી, નીચ ગોત્ર – સંપત્તિનું અભિમાન કરવાથી.**

૨. સામુદાયિક કર્મ કેવી રીતે બંધાય? તેનું ફળ શું?

**જ. ટી.વી.માં આવતા મારામારી, ખૂન, ફાંસી વગેરે દશ્યો જોતા વખતે જોનારા ખુશ થઈને તાળી પાડે, સીટીઓ વગાડે, મનમાં આનંદ પામે ત્યારે સામુદાયિક કર્મ બંધાય.જેના ફળરૂપે રેલ્વે–ટ્રેન–બસ અકસ્માત, ધરતીકંપ વાવાઝોડું વગેરે આપત્તિઓમાં તે જીવો એકસાથે મૃત્યુ પામે છે.**

૩. જૈનધર્મ કોણે બતાવ્યો છે? જૈનધર્મ બીજા જીવો માટે શું કહે છે?

**જ. કેવળજ્ઞાનીઓએ. જીવો અને જીવવા દો. તમે કષ્ટ સહીને પણ બીજાને જીવવા દો.**

૪. ગુસ્સાના આવેશથી ક્રોધીને શું નુકસાન થાય છે?

**જ. આંખો અને મોઢું લાલચોળ થઈ જાય, શરીર ધ્રુજવા માંડે છે, ક્યારેક બ્લડપ્રેશર વધી જાય છે યા હાર્ટ એટેક આવી જાય છે, લોકો સાથે વેરઝેર ઉભા થાય છે, મિત્રો દૂર ભાગે છે, ગુસ્સો કરનારને કોઇ પ્રેમ કરતું નથી.**

**(ઘ) સાચું છે કે ખોટું? તે લખો. (૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અભિમાન રાખીને હું માનનો નાશ કરીશ. | **ખોટું** |
| ૨. ક્ષમા રાખીને હું ક્રોધનો નાશ કરીશ. | **સાચું** |
| ૩. કેવળદર્શનથી અરિહંત ભગવાન આખા જગતને જોઈ શકે છે. | **સાચું** |
| ૪. પ્રશંસાને ધર્મની ભાષામાં ફુલણશી કહે છે. | **ખોટું** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. રાજા મેઘરથે ભયભીત કબૂતરને શું કહ્યું? તેમણે કોની પાસે દીક્ષા લીધી? તેઓ ક્યાં ઉત્પન્ન થયા? (૨)

**જ. તું નિર્ભય બની જા, અહીં તને કોઇ પ્રકારનો ભય નહિ રહે. પિતા તીર્થંકર ધનરથજી પાસે. સર્વાર્થસિદ્ધમાં.**

૨. તપસ્વી સંતને જોઈને સંગમને શું વિચાર આવ્યા? (૨)

**જ. ધન્ય ભાગ્ય મારા ! મારા ઘરે તપસ્વી જૈન સંત પધાર્યા. સંત તો કલ્પવૃક્ષ સમાન છે. સારું થયું કે આ સંત અત્યારે જ મારા ઘરે પધાર્યા કારણ કે અત્યારે મારી પાસે વહોરાવવા માટે ખીર પણ છે.**

૩. રોહિણેયને રાજાએ તેનું નામ અને ગામ પૂછ્યું તો રોહિણેયે શું જવાબ આપ્યો? (૧×૧)

**જ. મારું નામ દૂર્ગચંડ છે અને હું શાલિગ્રામમાં રહું છું.**

૪. ધર્મરુચિ અણગાર કાળ કરીને ક્યાં ગયા? અત્યારે તેઓ ક્યાં છે?

**જ. સર્વાર્થસિદ્ધ વિમાનમાં. મોક્ષ.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે? (૪)**

૧. કૃપા કરીને મને સુખી થવાનો માર્ગ બતાવો.

**જ. રોહિણેય ચોર મહાવીર પ્રભુને કહે છે.**

૨. તું માંસભક્ષણ કરે છે.

**જ. મેઘરથ રાજા બાજ પક્ષીને કહે છે.**

૩. મારા માથે પણ નાથ છે? હું સંપૂર્ણ સ્વતંત્ર અને સુરક્ષિત નથી?

**જ. શાલિભદ્ર વિચારે છે.**

૪. જો તમે આ શાક ખાશો તો જરૂરથી મૃત્યુ પામશો.

**જ. ગુરૂદેવ ધર્મઘોષ મુનિ ધર્મરૂચિ અણગારને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. સુંદર ........ ખેલ્યા કરું. | **પાના નં. ૧૩૪ કડી ૧૫** |
| ૨. અથવા ......... ક્યાં? | **પાના નં. ૧૩૫ કડી ૨૪** |
| ૩. આત્મા નથી ......... મુજને ખરે! | **પાના નં. ૧૩૪ કડી ૧૭** |
| ૪. મહા અતુલ્ય ......... જગદીશ. | **પાના નં. ૧૩૬ કડી ૨/૩** |
| ૫. શ્રી જિન ......... પરિવાર. | **પાના નં. ૧૩૬ કડી ૧૨/૧૩** |